હોટફિક્સમાં વધુ છ જગ્યાએ શંકાસ્પદ આગ

પુણાના કિરણ ચોકમાં 100 મીટરના દાયરામાં ત્રણ જગ્યાએ અને કાપોદ્રાના બુટભવાની રોડ પર 48 કલાકમાં ત્રીજી વખત આગ ભભૂકી

સુરતઃ શહેરમાં હોટફિક્સ કચરાના જાહેરમાં ડમ્પિંગની સમસ્યા વચ્ચે હવે આ કચરામાં વારંવાર આગ લાગવાની ઘટનાઓએ પણ તંત્રની ચિંતા વધારી છે. આ આગ લાગતી નથી પરંતુ લગાવાઇ રહી હોવાની શંકા ઊઠી છે. ત્યારે છેલ્લા 24 કલાક દરમિયાન વધુ 6 જગ્યાએ હોટફિક્સનો કચરો શંકાસ્પદ રીતે સળગી ઊઠ્યો હતો, જેમાં પુણા ગામ વિસ્તારમાં કિરણ ચોકના મેદાનમાં માત્ર 100 મીટરના દાયરામાં હોટફિક્સ કચરામાં આગ લાગવાના ત્રણ બનાવ બન્યા હતા. બીજી તરફ અશ્વિનીકુમાર રોડ અને અંજની બુટભવાની રોડ પર પર બે દિવસ પહેલાં લાગેલી આગની જગ્યા પર જ હોટફિક્સના ડમ્પ કરાયેલા કચરામાં ત્રીજી વખત આગ ભભૂકી હતી.



રોજગારી ના છીનવાય અને પ્રદૂષણ અટકે તેવો રસ્તો કઢાશે: મેયર માયા માવાણી

હોટફિક્સ વેસ્ટના નિકાલના મુદ્દે સુરતનાં મેયર માયાબેન માવાણીએ જણાવ્યું હતું કે, આ સંવેદનશીલ પ્રશ્નમાં એક તરફ હજારો મહિલાઓની રોજગારી અને બીજી તરફ પ્રદૂષણ તથા ચીનથી આવતી પ્રોડક્ટનો પડકાર છે. મનપા દ્વારા રોજગારીને અસર ન થાય અને કાયમી ઉકેલ મળે એ દિશામાં કાર્યવાહી શરૂ કરાઈ છે. હોટફિક્સની પ્લાસ્ટિક શીટના કન્ટેનર પોર્ટ પરથી આવતા હોવાથી તેની આયાત બંધ કરાવવા ચર્ચા ચાલી રહી છે. વેસ્ટ ઉઠાવવાનું બંધ કરનાર ઇકોવિઝન કંપનીને ફરી કામગીરી શરૂ કરાવવામાં આવી છે. વેસ્ટને પ્રેશરથી નાનું કરવાના મશીનની વ્યવસ્થા કરવા સૂચના અપાઈ છે, જે પોર્ટ પર આવી ગયું છે. . નાનાં ઘરોમાં એક-બે મશીન ચાલતા હોય ત્યાં સીલિંગ નહીં કરાય, પરંતુ જૂનો કચરો દૂર કરી નવો સપ્લાય અટકાવાશે.

હોટફિક્સમાં આગ લગાડાઈ રહી છે સીસીટીવીમાં બે બાઇક સવાર કેદ

ચોક્કસ એજન્સી દ્વારા કરોડોના ઈજારા માટે મોટો ખેલ ગોઠવાયો હોવાની 'ગુજરાતમિત્ર'એ વ્યક્ત કરેલી શંકા સાચી પડી

સુરતઃ સુરતમાં ખાસ કરીને સૌરાષ્ટ્રવાસી વિસ્તારોમાં હોટફિક્સનો ઉપયોગ અને વેસ્ટના ન્યૂશન્સની વાત નવી નથી. થોડા સમય પહેલા સ્થાયી સમિતિમાં ભાજપના એક કોર્પોરેટર દ્વારા આ સમસ્યા મુદ્દે રજૂઆતો થઇ હતી. ત્યાર બાદ અચાનક વિપક્ષ પણ સક્રિય થયો અને હોટફિક્સ મુદ્દે વિરોધ શરૂ કર્યો હતો. દરમિયાન શંકાસ્પદ રીતે હોટફિક્સના વેસ્ટમાં ઠેકઠેકાણે આગ લાગવા માંડી, જેમાં મોટું નુકસાન પણ થવા માંડ્યું.

તા.1લી સપ્ટે.ના રોજ છપાયેલો અહેવાલ

હોટફીક્સના વેસ્ટમાં મોટો ખેલ ગોઠવાયો ?
24 કલાકમાં ત્રણ જગ્યાએ શંકાસ્પદ આગ ભભુકી

આ ઘટનાઓ બાબતે 'ગુજરાતમિત્ર'માં સૌથી પહેલા શંકા ઉઠાવવામાં આવી હતી કે, આગ લાગે છે કે લગાવવામાં આવે છે? હોટફિક્સના વેસ્ટના નિકાલ માટે નવી નીતિ બનાવી કરોડોના ઇજારા માટે હોટફિક્સ બાબતે ઉહાપોહ ઊભો કરીને તેમજ આગ લગાવીને લોકોનો રોષ વ્યાપક બનાવવા ખેલ થઇ રહ્યો હોવાની શંકા છે. 'ગુજરાતમિત્ર'ની આ શંકાને સમર્થન આપતો રિપોર્ટ સુરત મનપાના તંત્ર દ્વારા પણ કરાયો છે. હીરાબાગ બ્રિજ નીચે હોટફિક્સના કચરામાં લાગેલી આગ કોઇએ લગાવી હોવાના પુરાવા મળતાં પોલીસ ફરિયાદ દાખલ થઇ છે. તો પુણા વિસ્તારમાં એક જગ્યાએ મોડી રાતે એક બાઇક પર આવેલા બે ઇસમ હોટફિક્સમાં આગ લગાવી ભાગતા હોય તેવાં સીસીટીવી ફૂટેજ પણ મનપાને મળ્યાં હોવાનું ડેપ્યુટી કમિશનર નિધિ સિવાયે જણાવ્યું હતું.

આજે શ્રાવણનો ઓગણીસમો દિવસ

કુબેરે જ્યાં મહાદેવની કઠોર તપસ્યા કરી ત્યાં બન્યું ૐ તાપ્તી કુબેશ્વર મહાદેવ

શ્રાવણમાં મહાદેવનો મહિમા

સુરતઃ પાલ વિસ્તારમાં તાપી નદીના તટે આવેલું ૐ તાપ્તી કુબેશ્વર મહાદેવ ધામ શ્રાવણ માસ દરમિયાન શિવભક્તો માટે આસ્થાનું કેન્દ્ર બન્યું છે. પૌરાણિક કથા અનુસાર, ધન અને સમૃદ્ધિના દેવ કુબેરે અહીં તાપી નદીના કિનારે મહાદેવની કઠોર તપસ્યા કરી હતી. તેમની ભક્તિથી પ્રસન્ન થઈને ભગવાન શિવે તેમને ધન અને સંપત્તિના રક્ષક બનવાના આશીર્વાદ આપ્યા હતા. તેથી આ શિવલિંગનું નામ કુબેરેશ્વર મહાદેવ તરીકે ઓળખાયું. મંદિરની રચના અને પરિસરમાં 'ઓમ' ના પ્રતીકનું વિશેષ મહત્વ છે, જે અહીં આવતા શ્રદ્ધાળુઓને આધ્યાત્મિક શાંતિ આપે છે. શ્રાવણના પવિત્ર મહિનામાં અહીં મોટી સંખ્યામાં ભક્તો ભગવાન શિવના દર્શન કરવા અને પૂજા-અર્ચના માટે ઉમટી રહ્યા છે.

હોટફિક્સ કચરા માટે અલગ જગ્યા ફાળવવા મનપા સાથે મંત્રી પ્રફુલ પાનશેરીયાએ ચર્ચા કરી

ગાંધીનગરઃ રાજ્ય સરકારે પુણા-સીમાડા, સરથાણા, વરાછા, લિંબાયત અને કતારગામ વિસ્તારમાં ઊભી થયેલી સમસ્યાના નિવારણ માટે હોટફિક્સ સહિતના પ્લાસ્ટિક કચરાના યોગ્ય વ્યવસ્થાપન અને નિકાલ અંગે મનપા સાથે ચર્ચા કરી હતી. આ મુદ્દે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ સુરત મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ સાથે વર્ચ્યુઅલ સમીક્ષા બેઠક યોજી હતી. તેમણે મેયર માયાબેન માવાણી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજન પટેલ, સુરત કલેક્ટર તેજસ પરમાર, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર નિધિ સિવાન તથા ઝોનલ અધિકારીઓ સાથે હોટફિક્સ કચરાના નિકાલ અંગે વિચારવિમર્શ કર્યો હતો. પાનશેરિયાએ જણાવ્યું હતું કે, હોટફિક્સ કચરો ઔદ્યોગિક કચરાની શ્રેણીમાં આવે છે અને તેમાં ગુંદરનું પડ હોવાથી તેનું પુનઃપ્રક્રિયાકરણ અને પુનઃઉપયોગ મુશ્કેલ છે. તેથી તેનો વૈજ્ઞાનિક અને પર્યાવરણને અનુકૂળ નિકાલ જરૂરી છે. હોટફિક્સના કેટલાક એકમો રહેણાંક વિસ્તારોમાં ચાલતા હોવાથી સ્થાનિક સ્તરે સમસ્યાઓ સર્જાઈ રહી છે ત્યારે મહાનગરપાલિકા દ્વારા તેના યોગ્ય નિકાલ માટે કવાયત શરૂ કરવામાં આવી છે. આગામી સમયમાં પ્લાસ્ટિક અને હોટફિક્સ કચરાના નિકાલ માટે સુરત મનપા દ્વારા અલગ પ્લોટ ફાળવવાની શક્યતા અંગે પણ ચર્ચા કરવામાં આવી છે.

હોટફિક્સ મટિરિયલ્સ પ્રતિબંધિત હોવા છતાં શહેરમાં આવે છે કેવી રીતે? તપાસ જરૂરી

હોટફિક્સમાં વપરાતું પ્લાસ્ટિક પ્રતિબંધિત શ્રેણીમાં આવે છે. પ્રાથમિક તપાસમાં પ્લાસ્ટિકની જાડાઈ આશરે 22 માઇક્રોન હોવાનું સામે આવ્યું છે અને તેના પર ગમ લગાવ્યા બાદ તેની જાડાઈ આશરે 33 માઇક્રોન સુધી પહોંચે છે. હવે આ પ્લાસ્ટિક પ્રતિબંધિત હોવા છતાં સુરત કેવી રીતે આવી રહ્યું છે અને કોની પાસેથી માલ આવતો હતો? કયા વેપારીઓ તેને ખરીદતા હતા? હોટફિક્સ શીટ તરીકે જ તેની ખરીદી-વેચાણ થતી હતી કે અન્ય કોઈ નામ હેઠળ આ પ્લાસ્ટિક શહેરમાં પ્રવેશતું હતું? અને સૌથી મહત્ત્વનું, આ સામગ્રી આયાત કરવામાં આવી હતી કે દેશની અંદરથી સપ્લાય થતી હતી? આવા અનેક સવાલોના જવાબ હવે શોધવામાં આવી રહ્યા છે.

60 વિક્રેતાએ એક અઠવાડિયામાં હોટફિક્સ સીટનો નિકાલ કરવા ખાતરી આપી

જો રાતોરાત હોટફિક્સ સીટના વેચાણ પર બ્રેક મારી દેવામાં આવે તો વિક્રેતાઓને મોટુ નુકસાન થઇ શકે તેમ હોવાથી હાલમાં મનપા દ્વારા આવાં યુનિટ્સને માત્ર નોટિસ અપાઈ રહી છે. હોટફિક્સ શિટનું વેચાણ કરતા 60 વિક્રેતાએ એક અઠવાડિયામાં તેમની પાસેનો જથ્થો નિકાલ કરવા ખાતરી આપી છે.

હોટફિક્સના વેસ્ટનો વિરોધ કરનારા આપની હવે પલટી, લક્ષ્મણનગરમાં મિટિંગ બોલાવી

હોટફિક્સનો કચરો લોકો માટે માથાનો દુખાવો છે અને તંત્ર આવાં એકમો સામે કાર્યવાહીમાં નિષ્ફળ રહ્યાનો આક્ષેપ કરી સામાન્ય સભામાં સવાલો ઉઠાવનાર તેમજ મેયરના ઘર બહાર હોટફિક્સનો ઢગલો કરી વિરોધ પ્રદર્શન કરી વિપક્ષ આમ આદમી પાર્ટીએ મોટી વોટબેંકમાં નારાજગી ઊભી થવાના ભયથી પલટી મારી છે. હવે આવાં એકમોનાં સીલિંગ અને નોટિસ સામે વિરોધ શરૂ કર્યો છે તેમજ વેપારીઓ અને હોટફિક્સનો ઉપયોગ કરતાં એકમોના સમર્થનમાં કાપોદ્રા વિસ્તારના લક્ષ્મણનગરમાં રાત્રે સભાનું આયોજન કર્યું છે.

શાસકો અને વહીવટી તંત્રના આદેશમાં વિરોધાભાસ: સીલિંગ-નોટિસ નહીં આપવા સૂચના

મેયર માયા માવાણીએ નાનાં યુનિટ્સ સામે સીલિંગ નહીં કરવા અને વેસ્ટના નિકાલની વ્યવસ્થા કરવા સૂચના આપી હતી. બીજી તરફ મનપાએ તમામ ઝોન માટે જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી હોટફિક્સ સહિત પ્રતિબંધિત સિંગલ યૂઝ પ્લાસ્ટિકનાં ઉત્પાદન, સંગ્રહ, વેચાણ, વિતરણ અને ઉપયોગ પર કાર્યવાહી અને નિયમ ભંગ બદલ ફોજદારી કેસની ચીમકી આપી છે. એક જ મુદ્દે બંને આદેશથી હવે વિવાદ વધુ વકર્યો છે.

સંક્ષિપ્ત સમાચાર

સાતમી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ડો.અશોક અને જૈન સ્કોલર મનિશ મોદીએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા

સુરતઃ સાતમી પર્યુષણ વ્યાખ્યાનમાળાના ચોથા દિવસે ક્યોટો, જાપાનથી, ઉદયપુરના પ્રો.ડો. અશોક જેટાવટ તથા મુંબઈના જાણીતા જૈન સ્કોલર મનિશ મોદીએ જ્ઞાનપ્રદ અને પ્રેરણાદાયી પ્રવચનો આપ્યા હતા. પ્રો.ડો. અશોક જેટાવટે 'ફાસ્ટિંગ મેટાબોલિક થેરાપી'વિષય પર વૈજ્ઞાનિક અભિગમ સાથે રસપ્રદ આધ્યાત્મિક પ્રવચન રજૂ કર્યું હતું. મુંબઈના જાણીતા જૈન સ્કોલર મનિશ મોદીએ 'યુનિવર્સલ લો' વિષય પર સાત મહાપાપો અને સાત મહાવ્યસનોથી બચવાનો સંદેશ આપતાં ભગવાન મહાવીરે દર્શાવેલા મૈત્રીભાવ, પ્રમોદભાવ, કરુણાભાવ અને માધ્યસ્થભાવનું મહત્વ સમજાવ્યું હતું. આવતીકાલે જાણીતા યુવા મોટિવેટર તથા 'કોચ ફોર લાઇફ'ના ભવિન શાહ, સુરત અને કચ્છના લોકપ્રિય પ્રોફેસર ડો. રમજાન હસણિયા પ્રવચન આપશે. કાર્યક્રમ રાત્રે 8:30થી 10:30 દરમિયાન યોજાશે. તમામ પ્રવચનો YouTube પર તે જ દિવસે મોડી રાત્રે ઉપલબ્ધ કરાવવામાં આવે છે તથા Zoom દ્વારા પણ સાંભળી શકાય છે.

આઝાદ સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે રવિવારે કવિ ડો.દિલીપ મોદી વ્યાખ્યાનમાળા યોજાશે

સુરતઃ ગુજરાતી સાહિત્ય પરિષદ અને નર્મદ સાહિત્ય સભાના સંયુક્ત ઉપક્રમે સ્વ. કવિ- મુક્તકકાર ડો.દિલીપ મોદી સ્મૃતિ વ્યાખ્યાનમાળાનું આયોજન તા.6 સપ્ટે.ના રોજ રવિવારે સવારે 10:30 કલાકે અત્રેના આઝાદ સાંસ્કૃતિક કેન્દ્ર, 19, સુભાષ નગર સોસાયટી, સેંટ ઝેવિયર્સ સ્કૂલ પાછળ, ઘોડદોડ રોડ, સુરત સ્થળે કરવામાં આવ્યું છે. જેમાં જાણીતા કવિડો.મુકુલ ચોકસી 'ગઝલ-મુક્તકનું રસિકપણું: ડો દિલીપ મોદી સંદર્ભે' વિષય પર વક્તવ્ય આપશે. આ પ્રસંગે ગ.સા.પ.ના ઉપપ્રમુખ રાજન ભટ્ટ, નર્મદ સાહિત્ય સભાના અધ્યક્ષ બકુલ ટેલર, કપિલદેવ શુક્લ, મંત્રી નરેશ કાપડીઆ હાજર રહેશે.

એમ.ટી. જરીવાલા હાઇસ્કૂલમાં રાખી મેકિંગ સ્પર્ધા યોજાઈ

સુરતઃ સુરતની એમ.ટી. જરીવાલા હાઇસ્કૂલ (નોન-ગ્રાન્ટેડ) અંગ્રેજી માધ્યમમાં રાખી મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ધોરણ 11 સાયન્સની અનામિકા એસ. યાદવે પ્રથમ, ધોરણ 12-Bની ખુશી શર્માએ દ્વિતીય, જ્યારે ધોરણ 11-Aની ખુશી પ્રસાદ અને ધોરણ 12-Aની સાક્ષી સોરઠિયાએ સંયુક્ત રીતે તૃતીય સ્થાન મેળવ્યું હતું. વિજેતાઓને આચાર્ય પ્રતિકભાઈ પારેખ અને સંસ્થાના માનદ્ મંત્રી ઝવારેહ વાડીયાએ અભિનંદન પાઠવ્યા હતા. શિક્ષકોએ પણ વિજેતા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

એક ક્ષણ માટે પણ સજ્જનનો સત્સંગ થાય તો દરિયો પાર થઈ જાય: પદ્મદર્શનસૂરિજી

ભીવંડીઃ શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડીના જૈન ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે અમૃતવાણીનું આચમન કરાવતા ધર્મસભા સમક્ષ કહ્યું હતું કે, પરમાત્માના વચનોનો અપરિચય એ માત્ર અજ્ઞાનતા જ નહીં, પણ અપરાધ છે. અનંતકાળની રખડપટ્ટી કરતાં જ્યારે પ્રભુનાં વચનોનું સાચા સંતો પાસે શ્રવણ મળે એ આપણું પરમ સદ્ભાગ્ય છે. આજે એવા કેટલાય કમનસીબ લોકો છે કે જેમની પાસે સમય અને સંયોગોની અનુકૂળતા હોવા છતાં પ્રભુનાં વચનોને સાંભળવાની ઇચ્છા સુદ્ધાં પણ નથી થતી. આરામથી ઘરમાં પડ્યા રહે છે. ટી.વી. જોયા કરે કે મોબાઇલ મચડ્યા કરે. બસ આ જ રીતે આ લોકો માત્ર જિંદગીનો મહત્ત્વનો સમય પસાર કરી રહ્યા છે. સત્સંગનો મહિમા જેને ખ્યાલમાં આવી જાય તેને સત્સંગનું વ્યસન થઇ જાય છે. એક ક્ષણ માટે પણ સજ્જનનો સત્સંગ થઇ જાય તો એ સત્સંગ સંસારરૂપી સમંદરને પેલે પાર પહોંચી શકે છે.

મધર મિલ્ક ડોનેશનની જાગૃતતા માટે રવિવારે કવિ સંમેલન યોજાશે

સુરતઃ અમૃતમ ફાઉન્ડેશન અને ધ સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના સહયોગથી આગામી તારીખ 6 સપ્ટેમ્બર, રવિવારના રોજ સાંજે 6:00 કલાકે સરસાણા ચેમ્બર ઓફ કોમર્સ ના પ્લેટિનમ હોલમાં વિરાટ કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આયોજક કુંજ પંસારીએ જણાવ્યું હતું કે, લોકોમાં મધર મિલ્ક ડોનેશન પ્રત્યે જાગૃતા આવે અને ભવિષ્યમાં પ્રાઇવેટ હોસ્પિટલમાં પણ એક મધર મિલ્ક બેંક બને તે હેતુથી કરવામાં આવેલા આ કવિ સંમેલનમાં કલાકાર તરીકે કવિ ડોક્ટર વિષ્ણુ સક્સેના, કવિ શશીકાંત યાદવ, હાસ્ય કવિ ચિરાગ જૈન, કવિ કવિતા તિવારી, કવિ ડોક્ટર તિશ્યા શ્રી અને હાસ્ય પેરોડી કવિ પાર્થ નવીન હાજર રહીને કવિતા સંભળાવશે.

સુરત જિલ્લા કોર્ટની કેન્ટીનનાં તાળાં ખોલવા રજૂઆત

૧૫ દિવસમાં ટેન્ડર કરી કેન્ટીન શરૂ કરવા મુખ્ય ન્યાયાધીશની ખાતરી

સુરતઃ સુરત જિલ્લા કોર્ટ પરિસરની બે મહિનાથી બંધ કેન્ટીનને મુદ્દે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્ય ઝકી શેખ, પ્રીતીબેન જોશી,હરેશ નાકરાણી, હિરલ પાનવાલા, હિતેષ પટેલ, ભાવેશ રબારીએ સુરત જિલ્લા મુખ્ય જજ રાહુલ ત્રિવેદીને આવેદનપત્ર આપી તાત્કાલિક કેન્ટીનનું તાળુ ખોલવા રજૂઆત કરી હતી.

સુરત જિલ્લા કોર્ટ દક્ષિણ ગુજરાતનું મહત્ત્વપૂર્ણ ન્યાયિક કેન્દ્ર હોવાથી રોજ હજારો લોકો આવતા હોવાથી કેન્ટીન શરૂ ન થાય ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં આવે તે સહિતની રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતને સુરત જિલ્લા જજ રાહુલ ત્રિવેદીએ હકારાત્મક પ્રતિભાવ આપી તાત્કાલિક નિરાકરણ માટે જરૂરી કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી તેમજ સંબંધિત અધિકારીને કેન્ટીનની જગ્યાની તાત્કાલિક સાફ-સફાઈ કરાવી તેને ખુલ્લી કરી ઉપયોગલાયક બનાવવાની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવશે, જેથી વકીલો માટે તાત્કાલિક બેઠક તથા જરૂરી સુવિધા ઉપલબ્ધ થઈ શકે. વધુમાં આગામી ૧૫ દિવસમાં કેન્ટીન માટેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી કેન્ટીનને સંપૂર્ણપણે કાર્યરત કરવામાં આવશે.

પુણામાં CNC ટ્રોફી બનાવતા યુનિટમાં આગ, મહિલા બેભાન

મહાવીર કોમ્પ્લેક્સના બીજા માળે આગ લાગતાં અફરાતફરી

સુરત : પુણાગામમાં મહાવીર સર્કલ પાસે મહાવીર કોમ્પ્લેક્સમાં મંગળવારે સાંજે એક યુનિટમાં અચાનક આગ લાગી હતી.

બનાવ અંગે ફાયર કંટ્રોલને જાણ કરાતાં કાપોદ્રા, પુણા અને સરથાણા ફાયર બ્રિગેડની ટીમો ઘટના સ્થળે દોડી ગઈ હતી. ફાયર બ્રિગેડના જવાનોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂમાં લેવા કામગીરી હાથ ધરી હતી. સબ ફાયર ઓફિસર કિરણ પટેલે જણાવ્યું હતું કે, મંગળવારે સાંજે આશરે 5:30 વાગ્યે ફાયર કંટ્રોલ રૂમમાંથી કોલ મળ્યો હતો કે, પુણાગામ સ્થિત મહાવીર સર્કલ પાસે આવેલા મહાવીર કોમ્પલેક્સમાં આગ લાગી છે. ફાયર બ્રિગેડની ટીમો સ્થળ પર પહોંચી ગઈ હતી. બીજા માળે આવેલા સીએનસી યુનિટમાં આગ લાગી હોવાનું જાણવા મળ્યું હતું. આ યુનિટમાં ટ્રોફી બનાવવાની મશીનરી રાખવામાં આવી હતી.

પ્રાથમિક તપાસ મુજબ મશીનરીમાં શોર્ટ સર્કિટ થયા બાદ આગ લાગવાની શરૂઆત થઈ હોવાનું સામે આવ્યું હતું. આગ લાગતાં કામદારો જીવ બચાવવા યુનિટમાંથી નીચે ઉતરી ગયા હતા. દરમિયાન 27 વર્ષીય વિભૂતિબેન ઘુમાડાની અસરથી બેભાન થઈ જતાં દોરડું બાંધી નીચે ઉતારીને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. ફાયર બ્રિગેડની ટીમોએ સતત પાણીનો મારો ચલાવી આશરે એક કલાકની જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. ત્યારબાદ યુનિટમાં કુલિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આગના કારણે સીએનસી મશીનરી તેમજ યુનિટના વાયરિંગને નુકસાન થયું હતું.

હેન્ડ બ્રેક માર્યા વગર ટ્રકમાંથી ઊતરેલો ડ્રાઈવર બે ટ્રક વચ્ચે કચડાઈ ગયો

સુરતઃ મૂળ ઉત્તરપ્રદેશના વતની વિનોદ ઉમાનાથસિંહ યાદવ (ઉં.વ. 38) હાલમાં ઈચ્છાપોર GIDC વિસ્તારમાં આવેલા દીપ ઈન્ડસ્ટ્રી સિમેન્ટના ગોડાઉનમાં રહેતો હતો અને ત્યાં જ ટ્રક ડ્રાઈવર તરીકે કામ કરતો હતો. મંગળવારે સવારે ગોડાઉનના ગેટ બહાર ટ્રકમાં સિમેન્ટનો માલ ભરવામાં આવ્યો હતો. દરમિયાન વિનોદ ટ્રકનું હેન્ડ બ્રેક માર્યા વગર નીચે ઉતરી ટ્રક પર તાડપત્રી બાંધી રહ્યો હતો. તે સમયે અચાનક ટ્રક પાછળની તરફ સરકવા લાગી હતી. વિનોદને કંઈ સમજાય તે પહેલાં જ તે પોતાની ટ્રક અને નજીકમાં ઊભેલી અન્ય ટ્રક વચ્ચે ફસાઈ જતાં ગંભીર ઈજા સાથે હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં, ફરજ પરના તબીબે તપાસ બાદ તેને મૃત જાહેર કર્યો હતો.

ગણેશ 'ઉત્સવ', વેપારનો પણ 'ઉત્સવ'

80 હજાર પ્રતિમાનું સ્થાપન, નાના મંડપોનો ખર્ચ જ 25થી 50 હજાર

સુરતઃ સુરતમાં ગણેશોત્સવ વેપાર જગતને તેજી આપવામાં પણ એટલો જ મહત્ત્વો બની રહ્યો છે. શેરી અને સોસાયટીમાં ઊભા કરાતા નાના-મધ્યમ પંડાળમાં સામાન્ય રીતે રૂ.25 હજારથી રૂ.50 હજાર સુધીનો ખર્ચ થાય છે. તેમાં મૂર્તિ, નાનો મંડપ, લાઈટિંગ તેમજ રોજિંદા પ્રસાદની વ્યવસ્થાનો સમાવેશ થાય છે. બીજી તરફ શહેરના મોટા અને પ્રખ્યાત ગણેશ મંડળોના પંડાળ પાછળ લાખો રૂપિયા ખર્ચાય છે. જે અંગે સુરત શહેર મંડપ એસોસિએસનનાં પ્રમુખ દેવ સંચેતી જણાવે છે કે, મોટા ડોમ તથા થીમ આધારિત ભવ્ય પંડાળ તૈયાર કરવા માટે રૂ.25 લાખથી રૂ. બે કરોડ સુધીનો ખર્ચ આયોજકો કરતાં હોય છે. મોટા અને ભવ્ય પંડાળમાં કોલકાતા સહિત અન્ય રાજ્યોમાંથી વિશેષ કારીગરોને બોલાવીને ભવ્ય સેટ, દક્ષિણ ભારતીય મંદિર, મહેલ કે અન્ય આકર્ષક થીમ તૈયાર કરવામાં આવે છે.

ગણેશોત્સવના આ ખર્ચનો લાભ મૂર્તિકાર, ડેકોરેટર, લાઈટિંગ કોન્ટ્રાક્ટર, સાઉન્ડ સિસ્ટમ, ડીજે, મ્યુઝિકલ બેન્ડ, ઢોલ-નગારાવાળા, ટ્રાન્સપોર્ટર, કેટરિંગ તથા પ્રસાદના વેપારીઓ સહિત અનેક વ્યવસાયોને મળે છે.

તહેવાર દરમિયાન ગણેશ આગમનથી વિસર્જન સુધી ખર્ચનો ધમધમાટ

મોટી અથવા ફાઇબરની મૂર્તિ માટે રૂ.10 હજારથી શરૂ થઈને લાખો રૂપિયા સુધીનો ખર્ચ થાય છે.આ ઉપરાંત આગમન અને વિસર્જન યાત્રા માટે ડીજે, મ્યુઝિકલ બેન્ડ, ઢોલ-નગારાં તથા ટેમ્પો-ટ્રકના ભાડા પાછળ પણ મહત્તમ રકમ ખર્ચાય છે. દર્શનાર્થે આવતા ભક્તો માટે મહાપ્રસાદ અને ભંડારાની વ્યવસ્થા પણ મંડળોના બજેટનો મહત્ત્વનો હિસ્સો બની રહી છે. સુરતમાં હવે પંડાળની સુરક્ષા સાથે મૂર્તિ પરના કિંમતી દાગીના માટે વીમો લેવાનો ટ્રેન્ડ પણ વધી રહ્યો છે. કેટલાક મંડળો રૂ.35 હજારથી રૂ.1.25 લાખ સુધીનું પ્રીમિયમ ચૂકવી કરોડો રૂપિયાની વીમા કવચની વ્યવસ્થા કરી રહ્યા છે.

દાગીના-શ્રૃંગાર પાછળ પણ લાખોનો ખર્ચ

કેટલાક પ્રખ્યાત મંડળોમાં ગણેશજીના શ્રૃંગાર માટે આશરે 25 કિલો સોના-ચાંદી તથા અમેરિકન ડાયમંડના દાગીનાનો ઉપયોગ કરવામાં આવે છે. માત્ર ગણેશજીના હાથના કવર અને મુગટ પાછળ જ રૂ.5 લાખથી રૂ.7.50 લાખ સુધીનો ખર્ચ થતો હોવાનું જાણવા મળે છે.

ક્યાં-ક્યાં ખર્ચ થાય છે?

મૂર્તિઃ રૂ.10 હજારથી લાખોનો ખર્ચ, મોટી, ફાઇબરની મૂર્તિમાં બજેટ વધે છે.

મંડપ અને ડેકોરેશનઃ થીમ આધારિત પંડાળ, ભવ્ય સેટ અને લાઇટિંગ પાછળનો ખર્ચ

આગમન-વિસર્જનઃ ડીજે, મ્યુઝિકલ બેન્ડ, ઢોલ-નગારાં તથા ટેમ્પો-ટ્રક સહિતના વાહન વ્યવહારનો ખર્ચ.

પ્રસાદ-ભંડારોઃ દર્શનાર્થીઓ માટે રોજિંદા પ્રસાદથી લઈને મહાપ્રસાદનો ખર્ચ.

વીમોઃ કિંમતી દાગીના અને ભક્તોની સુરક્ષા માટે રૂ.35 હજારથી રૂ.1.25 લાખ સુધીનું પ્રીમિયમ ચૂકવી કરોડોનો વીમો લેવાનો ટ્રેન્ડ વધ્યો છે.

મનપાનાં 17,066 આવાસમાં 917 મકાનમાં ભાડુઆત

સરવેમાં માત્ર 8,925 મકાનમાં જ મૂળ લાભાર્થી રહેતા હોવાનું સામે આવ્યું

સુરતઃ પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનો મૂળ લાભાર્થીઓ દ્વારા ભાડે આપી દેવામાં આવતા હોવાની વ્યાપક ફરિયાદો બાદ મનપાની ટીમે એક મહિનાથી ડોર-ટુ-ડોર સરવે હાથ ધર્યો હતો. 17,066 આવાસના સરવેમાં 917 મકાન ભાડુઆત દ્વારા વપરાશમાં લેવાતા હોવાનું અને 6,135 મકાન તાળાં મારેલી (બંધ) હાલતમાં મળી આવ્યાં હતા. જ્યારે માત્ર 8,925 મકાનોમાં જ મૂળ લાભાર્થી રહેતા હોવાનું સામે આવ્યું છે.

આ મામલે સ્લમ ઈમ્પ્રુવમેન્ટ કમિટીના ચેરમેન દિગ્વિજયસિંહ બારડે જણાવ્યું હતું કે, સરવે દરમિયાન ભાડે આપેલા મળી આવેલા 917 મકાનમાલિકને તાત્કાલિક નોટિસ પાઠવી આગળની કાર્યવાહી શરૂ કરાઈ છે. હવેથી દર મહિને આ પ્રકારે સરપ્રાઇઝ ચેકિંગ કરવામાં આવશે.

ઝોન મુજબ આંકડા

અઠવા ઝોનઃ કુલ 4,506 આવાસ પૈકી 1,875 માં માલિક, 398 ભાડે અને 2,213 બંધ મળ્યા.

રાંદેર ઝોનઃ કુલ 7,343 આવાસ પૈકી 4,283 માં માલિક, 333 ભાડે અને 2,727 બંધ મળ્યા.

લિંબાયત ઝોનઃ કુલ 2,166 આવાસ પૈકી 1,057 માં માલિક, 134 ભાડે અને 184 બંધ મળ્યા.

સરથાણા ઝોનઃ કુલ 1,314 આવાસ પૈકી 860 માં માલિક, 36 ભાડે અને 398 બંધ મળ્યા.

ઉધના ઝોનઃ કુલ 608 આવાસ પૈકી 210 માં માલિક, 60 ભાડે અને 238 બંધ મળ્યા.

વરાછા-A ઝોનઃ કુલ 4,000 સર્વે પૈકી 160 માં માલિક, 32 ભાડે અને 118 બંધ મળ્યા.